# ગાંધીનગરના કરાઈ ખાતે લોકરક્ષક પોલીસ સંવર્ગ તાલીમાર્થીઓનો શાનદાર દિક્ષાંત સમારોહ યોજાયો




ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત પોલીસ અકાદમી-કરાઈમાં નવપ્રશિક્ષિત એવા ૪૭૩ લોકરક્ષક પોલીસ સંવર્ગના તાલીમાર્થીઓની શાનદાર દિક્ષાન્ત પરેડનું સલામી નિરીક્ષણ કરતાં ગૌરવપૂર્વક જાહેર કર્યું હતું કે ગુજરાત પોલીસદળ આજે દેશનું સૌથી સુશિક્ષિત ટેકનોસેવી યુવા પોલીસદળ બની ગયું છે.

તેમણે સામાન્ય નાગરિકની સેવા-સુરક્ષા-સહાય માટેનું ઉત્તમ દાયિત્વ નિભાવવાનું ઓજ અને તેજ પ્રગટ કરવાનું આહ્વાન આપ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રપતિશ્રીના પ્રસંશનિય સેવા પોલીસ ચન્દ્રક વિજેતા ૩૦ પોલીસ અફસરો જેમાં રાજ્યના પોલીસ વડાથી લઈને પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે તેમને સેવા ચન્દ્રકોથી અલંકૃત કરીને અભિનંદન આપ્યા હતા.

ગુજરાત પોલીસ દળમાં ટેકનોસેવી પોસ્ટ ગ્રેજયુએટ અને ગ્રેજયુએટ યુવાશકિત છેક પાયાની કેડરમાં જોડાઈ છે જે પોલીસની ભવિષ્યની બધી જ કેડરો માટે નવી તાકાત અને સામ્થર્ય પૂરવાર કરશે.

ગુજરાત પોલીસ દળના આધુનિકરણ સાથે પોલીસ તાલીમનું સર્વગ્રાહી માળખું આધુનિકત્તમ અને પ્રોફેશનલ બનાવી દીધું છે અને જૂની પરંપરાગત પોલીસ તાલીમના વ્યવસ્થાપનને તેજ ગતિથી બદલાતા કાયદો અને વ્યવસથાને જાળવવા તથા સામાન્ય જનની સુરક્ષાના પડકારો સામે સુસજ્જ વર્દીધારી પોલીસ દળનું માનવ વિકાસ વ્યવસ્થાપન કર્યું છે તેની સવિસ્તર રૂપરેખા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

તેમણે એમ પણ જણાવ્યું કે રાજ્યમાં પોલીસ તાલીમમાં સ્થગિતતા નહીં પણ નવા પ્રશિક્ષણના આયામો ઉમેર્યા છે. ચાર પોલીસ તાલીમ સંસ્થાઓને ગુણાત્મક પરિવર્તન કરીને આધુનિક પોલીસ તાલીમના ઉત્કૃષ્ઠ કેન્દ્રો તરીકે તેને નવા પરિમાણો આપ્યા છે એટલું જ નહીં, હવે તો જિલ્લે-જિલ્લે પોલીસ તાલીમની આધુનિક સુવિધા કરવામાં આવી છે જેમાં વરિષ્ઠ અનુભવ સિધ્ધ અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. ભવિષ્યમાં ગુજરાત પોલીસ દળની બધી જ કેડરો માટે ઉત્તમ ટ્રેઈનીંગનું સંસ્થાગત માળખું ઉભું થઈ જશે એમ તેમણે ઉમેર્યું હતું.

વિકાસની તેજ ગતિના ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે સેવા નોકરીની ખૂબ વ્યાપક તકો અને માંગ હોવા છતાં રાજયના પોલીસ દળમાં ગુજરાતની કન્યાઓ સહિત જવાનો સુશિક્ષિત બનીને જોડાઈ રહ્યા છે તેનાથી પોલીસ દળ અને શાસન વ્યવસ્થાને નવી શકિત મળશે એમ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું અને ઉમેર્યું કે વર્દીની શાન સાથે મહિલાશકિત પણ પોતાના સામર્થ્ય સાથે સુરક્ષા સેવામાં ઝડપથી પોતાનું કૌશલ્ય પૂરવાર કરી રહી છે.

ભૂતકાળમાં પોલીસદળમાં ભરતી ખૂબ મર્યાદિત હતી પણ તેમ છતાં તેની પ્રક્રિયામાં ભ્રષ્ટ રીતિનીતિની અનેક ફરિયાદો અને શોષણની વાતો સૌને ખબર છે પરંતુ આ સરકારે સાત વર્ષમાં પોલીસમાં ૨૬૦૦૦ જેટલી જુદી જુદી કેડરોની ભરતી કરી એમાં માત્રને માત્ર સંપૂર્ણ પારદર્શિતા અને યોગ્યતા-ગુણવત્તાના ધોરણે જ કરી છે. સામાન્ય પરિવારોના યુવાનો મળીને કુલ દશ વર્ષમાં ત્રણ લાખ યુવાનોને આ પારદર્શિ પધ્ધતિથી સરકારી નોકરી મળી છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## ગાંધીનગર જિલ્લાના ૨૯૪ ગામોમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાશે

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના કુલ-૨૯૪ ગામોમાં તા.૧૪,૧૫ અને ૧૬મી જૂનના રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ-૨૦૧૨નો ૧૦૦ ટકા નામાંકનનો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત દરેક તાલુકાના કલસ્ટર અનુસાર શાળા -વેશોત્સવની અલગ - અલગ થીમ નક્કી કરવામાં આવી છે. તા. ૧૪ મી જૂન-૨૦૧૨ થી સમગ્ર જિલ્લામાં શરૂ થતાં ત્રિદિવસીય કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવ કાર્યકમ અંતર્ગત જિલ્લાના ચારે તાલુકામાં કન્યા કેળવણી રથના કુલ-૩૨ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. ત્રણ દિવસમાં જિલ્લાના કુલ-૨૯૪ ગામોને આવરી લેવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ૩૨ માંથી ૮ રૂટમાં રાજય કક્ષાના ૮ જેટલા આઈ.એ.એસ, આઈ.પી.એસ અને આઈ.એફ.એસ. કક્ષાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસથિત રહેનાર છે. શાળા -વેશોત્સવ-૨૦૧૨ના મુખ્ય હેતુ ૧૦૦ ટકા નામાંકનનું ઘ્યેય સિધ્ધ કરવું, સાક્ષરતા દરની વૃધ્ધિ અને તેમાં પણ સ્ત્રી સાક્ષરતા દરની વૃધ્ધિ કરવી, સમાજ-વાલીઓમાં શિક્ષણ - કન્યા શિક્ષણ -ત્યે જાગૃતિ લાવવી, શાળા-સમાજ વચ્ચે સમન્વય સાધવો, શાળાના શૈક્ષણિક-ભૌતિક વિકાસમાં સમાજની ભાગીદારી વધારવી અને પુરૂષ તથા સ્ત્રી સાક્ષરતા દર વચ્ચે રહેલ તફાવત દુર કરવાનો છે.

## ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૬૫૮૪ બાળકો ધોરણ-૧માં પ્રવેશ મેળવશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૪ મી જૂન-૨૦૧૨ થી ત્રિદિવસીય શાળા -વેશોત્સવ-૨૦૧૨નો કાર્યક્રમ શરૂ થનાર છે. જે અંતર્ગત જિલ્લાના ચાર તાલુકામાં ધોરણ-૧માં કુમાર-૮૬૧૪ અને કન્યા-૭૯૭૦ મળીને કુલ-૧૬૫૮૪ બાળકો -વેશ મેળવનાર છે. જેમાં સૌથી વધુ ૬૪૬૬ બાળકો ગાંધીનગર તાલુકામાં -વેશ મેળવનાર છે. તે ઉપરાંત વિકલાંગ ૫૭ કુમાર-કન્યાઓ અને શાળા બહારના કુલ-૧૮૮ બાળકો શાળમાં -વેશ મેળવનાર છે.

શાળા -વેશોત્સવ-૨૦૧૨માં ૧૦૦ ટકા નામાંકનનો ઘ્યેય રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત માણસા તાલુકામાં કુમાર-૧૨૪૮ અને કન્યા-૧૨૧૨ મળીને કુલ-૨૪૬૦ બાળકોનું નામાંકન થનાર છે. જેમાં અનુસૂચિત જાતિના કુમાર-૬૩ અને કન્યા ૬૯ મળીને કુલ-૧૩૨, અનુસૂચિત જનજાતિના કુમાર-૭ અને કન્યા-૮ મળીને કુલ-૧૫, બક્ષીપંચ જાતિના કુમાર-૧૦૩૨ અને કન્યા-૯૮૯ મળીને કુલ-૨૦૨૧ તથા અન્ય જાતિના કુમાર-૧૪૬ અને કન્યા-૧૪૬ મળીને કુલ-૨૯૨ બાળકો -વેશ મેળવશે.

દહેગામ તાલુકામાં કુમાર-૧૯૬૫ અને કન્યા-૧૮૩૯ મળીને કુલ-૩૮૦૪ બાળકોનું નામાંકન થનાર છે. જેમાં અનુસૂચિત જાતિના કુમાર-૬૬ અને કન્યા-૭૨ મળીને કુલ-૧૩૮, અનુસૂચિત જનજાતિના કુમાર-૨૭ અને કન્યા-૨૮ મળીને કુલ-૫૫, બક્ષીપંચ જાતિના કુમાર-૧૭૧૬ અને કન્યા-૧૬૦૯ મળીને કુલ-૩૩૨૫ તથા અન્ય જાતિના કુમાર-૧૫૬ અને કન્યા-૧૩૦ મળીને કુલ-૨૮૬ બાળકોનું નામાંકન કરવામાં આવશે. ગાંધીનગર તાલુકામાં કુમાર-૩૩૮૮ અને કન્યા-૩૦૭૮ મળીને કુલ-૬૪૬૬ બાળકોનું નામાંકન થનાર છે. જેમાં અનુસૂચિત જાતિના કુમાર-૨૯૧ અને કન્યા-૨૨૮ મળીને કુલ-૫૧૯,અનુસૂચિત જનજાતિના કુમાર-૮૦ અને કન્યા-૬૩ મળીને કુલ-૧૪૩, બક્ષીપંચ જાતિના કુમાર-૨૪૩૧ અને કન્યા-૨૨૫૬ મળીને કુલ-૪૬૮૭ તથા અન્ય જાતિના કુમાર-૫૮૬ અને કન્યા-૫૩૧ મળીને કુલ-૧૧૧૭ બાળકોને -વેશ આપવામાં આવશે.

કલોલ તાલુકામાં કુમાર-૨૦૧૩ અને કન્યા-૧૮૪૧ મળીને કુલ-૩૮૫૪ બાળકોનું નામાંકન થનાર છે. જેમાં અનુસૂચિત જાતિના કુમાર-૧૬૦ અને કન્યા-૧૪૩ મળીને કુલ-૩૦૩,અનુસૂચિત જનજાતિના કુમાર-૧૦ અને કન્યા-૧૦ મળીને કુલ-૨૦, બક્ષીપંચ જાતિના કુમાર-૧૬૨૬ અને કન્યા-૧૪૯૮ મળીને કુલ-૩૧૨૪ તથા અન્ય જાતિના કુમાર-૨૧૭ અને કન્યા-૧૯૦ મળીને કુલ-૪૦૭ બાળકોનું નામાંકન કરવામાં આવશે.

## શબ્દાવલી - ૪૭૫૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | | | ■ |
| ■ | ૧૨ | ૧૩ | ■ | | ■ | ■ | ૧૪ |
| ૧૫ | | | ૧૬ | ■ | ૧૭ | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ | |
| | ■ | ૨૨ | ■ | ૨૩ | | | ■ |
| ૨૪ | | | | ■ | ૨૫ | | |

**આડી ચાવી**

૧. ભૂલથી, નજર બહાર (૫)
૫. ચાસણી (૨)
૭. વેરો, કર (૩)
૮. ઘણાને... ના દિવસે પણ કામ કરવું પડે (૨)
૯. પ્રસ્તુત (૨)
૧૧. દોરવું તે, શિખવવું (૪)
૧૨. આકાશ, આભ (૨)
૧૫. કસરત, પરેડ (૪)
૧૮. વાચા, બોલવું તે (૨)
૧૯. ફરજ, જિમ્મેદારી (૨)
૨૩. બાળી નાખે તેવું, એસિડ એ... પ્રકારનું પ્રવાહી છે (૩)
૨૪. મુજરા વગેરે કરી દિલ બહેલાવે તે (૪)
૨૫. દેવું, ઋણ (૩)

**ઊભી ચાવી**

૧. ઉનાળાને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૨. એક સુગંધી ખાવાનું લાકડું (૨)
૩. ફેંસલો (૩)
૪. કાગળ કે કાપડ વગેરે કાપતાં વધેલ ખચરો (૪)
૫. ધાન-કઠોળ ચાળવાનું સાધન (૩)
૬. શિક્ષા (૨)
૧૦. જૂના જમાનાનું (૪)
૧૩. બીક, ડર (૨)
૧૪. સાપ વગેરે પકડી ગુજરાન ચલાવતો વ્યક્તિ, વાદી (૩)
૧૫. રોજીરોટી કમાવો કેટલીય... કરવી પડે ત્યારે રોટલો મળે (૪)
૧૬. 'જત' શબ્દ ઊંધો (૨)
૧૭. અતિશય, કંટાળવું (૨)
૨૦. ... આવવું, કંટાળવું (૨)
૨૧. સીડી, દાદરો (૩)
૨૨. આગ, અગ્નિ (૨)

**શબ્દાવલી ૪૭૫૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) આછકલાઈ (૪) દેર (૬) લાજવાબ (૭) સતત (૯) નગારૂ (૧૦) ચીલાચાલુ (૧૫) સાપણ (૧૭) કમાડ (૧૯) ડમરૂ (૨૧) અકસીર (૨૪) કોહાણ (૨૫) ગડ

**ઊભી ચાવી :-** (૧) આશ્વાસન (૨) કલ્પતરૂ (૩) ઈલાયચી (૪) દેવા (૫) રબ (૮) તગારૂ (૧૧) લાસા (૧૨) ચાપલુસી (૧૩) લુણ (૧૭) તમા (૧૬) તડકો (૧૭) કરૂણ (૧૮) ડઅગ (૨૦) મહા (૨૨) કડ (૨૩) રજા

## સુધારા સાથે નાયબ મામલતદાર સંવર્ગને રાજ્યકક્ષાના સંવર્ગ ગણવાનો નિર્ણય અમલી

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના નાયબ મામલતદાર વર્ગ-૩ સંવર્ગને રાજ્યકક્ષાના સંવર્ગમાં મુકવા માટેના નિર્ણયને પુન: અમલમાં મુકવામાં આવ્યો છે. આ વખતે કેટલાક સુધારા સાથે આ નિર્ણયને અમલમાં મુકવામાં આવ્યો છે. રાજ્યમાં નાયબ મામલતદાર સંવર્ગને રાજ્યકક્ષાના સંવર્ગમાં મુકવામાં આવતાં હવે નાયબ મામલતદાર સંવર્ગની નિમણુંક માટેના સત્તાધિકારી અગ્ર સચિવ મહેસૂલ રહેશે.

આ ઉપરાંત નાયબ મામલતદારના કિસ્સામાં ઉપરોક્ત એક સિવાયની અન્ય સેવા વિષયક તથા શિસ્ત વિષયક બાબતોમાં નિમણુંક સત્તાધિકારી શિસ્ત અધિકારી તરીકે જિલ્લા કલેક્ટરની હાલની સત્તા યથાવત રહેશે.

નાયબ મામલતદારની આંતર જિલ્લા ફેરબદલી કરવાની સત્તા અગ્ર સચિવ મહેસૂલને આપવામાં આવી છે પરંતુ સામાન્ય સંજોગોમાં નાયબ મામલતદારની આંતર જિલ્લા ફેરબદલીની વિચારણા કરવાની રહેશે નહી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજયના મહેસૂલ વિભાગ દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૨માં નાયબ મામલતદાર સંવર્ગને રાજ્યકક્ષાના સંવર્ગમાં ગણવાનો નિર્ણય લીધો હતો. જેમાં નાયબ મામલતદારોની સેવા વિષયક અને શિસ્ત વિષયક બાબતોમાં નિમણુંકની સત્તા મહેસુલ વિભાગના સચિવને સોંપવામાં આવી હતી.

નાયબ મામલતદાર સંવર્ગને રાજ્યકક્ષાના સંવર્ગમાં ગણવાના નિર્ણય સામે નાયબ મામલતદાર એસોસીએશન દ્વારા સખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને આ નિર્ણય અંગે કરવામાં આવેલ ઠરાવ પરત ખેંચી લઈને પુન: વિચારણા કરવા તેમજ અન્ય પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગણી સાથેનું આવેદનપત્ર એસોસીએશને મહેસૂલમંત્રી મહેસુલ વિભાગના અગ્રસચિવને આપવામાં આવ્યું હતું. જેના પગલે આ નિર્ણયને સ્થગિત કરવામાં આવ્યો હતો.

એસોશીએશન દ્વારા કરવામાં આવેલ વિરોધ અને કરવામાં આવેલી રજુઆતોને પગલે રાજ્ય સરકારે આ નિર્ણયની પુન: સમીક્ષા કરીને નાયબ મામલતદાર સંવર્ગને રાજ્યકક્ષાના સંવર્ગ ગણવા માટે કેટલાક સુધારાઓ કરીનેફરીનેઆ નિર્ણયનેઅમલમાં મુકવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાયબ મામલતદાર સંવર્ગને કેટલાક સુધારાઓ સાથે રાજ્યકક્ષાના સંવર્ગ ગણવાનો નિર્ણય લઈને અમલમાં મુકવામાં આવતાં હવે નાયબ મામલતદાર સંવર્ગ રાજ્યકક્ષાના સંવર્ગ ગણાશે અને તેમની નિમણુંક સત્તાધિકારી અગ્ર સચિવ મહેસૂલ રહેશે.

## બે દિવસનું મેગા ડાયાબિટીસ એક્ઝિબિશન લોન્ચ કરાયું

અમદાવાદ, તા. ૭

ચેન્જિંગ ડાયાબિટીસ બેરોમિટર પ્રોજેક્ટના રાજયવ્યાપી કાર્યક્રમ અંતર્ગત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, અને નોવો નોર્ડિસ્ક એજ્યુકેશન ફાઉન્ડેશન (એનએનઈએફ) દ્વારા ગુજરાત સરકારના સહયોગથી અમદાવાદમાં શનિવારે ડાયબિટીસ અંગે બે દિવસનાં પ્રદર્શનનો પ્રારંભ કરાયો હતો. આ પ્રકારના આ પ્રથમ પ્રદર્શનનો હેતું નાગરિકોમાં ડાયાબિટીસનાં નિયંત્રણ અંગે જાગરૂકતા ફેલાવવાનો છે. બે દિવસનાં આ પ્રદર્શનનું ઉદ્ઘાટન સરકારના પ્રિન્સિપાલ સેક્રેટરી (જાહેર આરોગ્ય) અને કમિશ્નર (આરોગ્ય) શ્રી પી. કે. તનેજા, આઈ. એ. એસ. દ્વારા કરાયુંહતું. બે દિવસના આ નિઃશુલ્ક કાર્યક્રમમાં આશરે ૩૦૦૦ થી પણ વધુ ભાગ લે તેવી અપેક્ષા છે. પ્રદર્શનમાં આવેલા તમામ લોકો માટે ડાયાબિટીશનું નિઃશુલ્ક નિદાન ઉપલબ્ધ બનાવાયુંહતું. જે લોકોમાં હાઈ બ્લડ સુગર હોવાનું પુરવાર થયું તેઓ માટે એચબીએ૧ સી ટેસ્ટ, ફૂટ એક્ઝામિનેશન, આંખોની ચકાસણી તથા આહાર વિશેષય તથા ફિઝિશિયનની મફત સલાહ સ્થળ પર જ ઉપલબ્ધ બનાવાઈ હતી.

## સમાચાર ઝલક

- ધો-૧૦ના પેપરની પુનઃ ચકાસણીથી બોર્ડને રૂા. ૭૦ લાખની જંગી આવક થઇ, ૧૧ હજાર અરજીઓ મળી.
- ખાપ પંચાયતના ફરમાન પર ખાલી થયું, ઉત્તરપ્રદેશના પ્રમુખ નગર જિલ્લાનું ગામ, પોલીસ લાચાર.
- એલ.આઇ.સી.નો હપ્તો ભરવા માટે ગ્રેસ પિરિયડ હવે ૩૧ દિવસનો.
- બેંકોમાં ૧૭૦૦ કરોડના કોઇ દાવેદાર નથી, નામ-સરનામા વેબસાઇટ પર મુકાશે.
- બ્રિટનની બે બહેનનો વર્લ્ડ રેકોર્ડ, બન્નેએ જિંદગીની સદી ફટકારી : સંયુક્ત વય ૨૧૩ વર્ષ, ગ્રીનીસ બુકમાં નામ નોંધાયું.
- યુરો ઝોન ભાંગી પડશે તો ભારતની પણ કફોડી હાલત.
- બાળકોના વારંવાર સિટી સ્કેનથી કેન્સરનો ખતરો : મેડિકલ રિપોર્ટ.
- મનમોહનસિંહને ધૃતરાષ્ટ્ર ગણાવતા - કિરણ બેદી.
- મંદીનો પુરાવો - મુંબઇમાં કોમર્શિયલ બિલ્ડિંગો ખાલી રહેતા ઓફિસ ભાડામાં ૩૬ % નો ઘટાડો.
- પોરબંદરમાં ચકચાર - મંદિરના પૂજારીએ પુત્રવધૂને જીવતી સળગાવી.
- મહારાષ્ટ્રની જેલોમાં કેદીઓ હાલત સહી સલામત નથી : એક અહેવાલ.
- નિર્મલ બાબાની દુકાન બંધ થવાનાં સંજોગો.
- મનમોહનના નિર્ણયોની સજા દેશ ભોગવે છે : કેન્દ્રીય પ્રધાન શરદ પવાર
- યુરો કપમાં ભારતીય હાથણી ભવિષ્યવાણી કરશે.

## વાહનોના પસંદગીના નંબર મેળવવા માટેની ફીના દરોમાં ધરખમ વધારો કરાયો

### દ્વીચક્રી વાહનો માટે રૂ. એક હજાર ફી કરાઈ ફોર વ્હીલ માટે રૂ. પાંચ હજાર ફી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકારે વાહનોના પસંદગીના નંબર મેળવવા માટેની ફીના દરમાં ધરખમ વધારો કર્યો છે. નવા નક્કી કરાયેલા દરો આજથી જ અમલી બનાવવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા વિવિધ સેવાઓની આવકમાં વધારો કરવા માટે ફી દાખલ કરવામાં આવે છે. રાજયના વાહન વ્યવહાર વિભાગ દ્વારા દ્વીચક્રી અને ચાર વ્હીલ વાળા વાહનોના પસંદગીના નંબરો મેળવવા માટે ફી દાખલ કરવામાં આવી હતી.

વાહનોના પસંદગીના નંબરો મેળવવા માટે જયારે ફી દાખલ કરવામાં આવી ત્યારે દ્વીચક્રી વાહનો માટે ફીના દર રૂ. ૫૦૦ નક્કી કરવામાં આવ્યા હતાં. જયારે ફોર વ્હીલ વાહનો માટે પસંદગીનો નંબર મેળવવા માટે ફીના દર રૂ. ૩૦૦૦ નક્કી કરવામાં આવ્યા હતાં.

વાહનોના પસંદગીના નંબરો મેળવવા માટે દાખલ કરવામાં આવેલ ફીના દરોની તાજેતરમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને આ દરોમાં વધારો કરવા માટેનું જરુરી જણાતા વિભાગ દ્વારા ફીના દરમાં વધારો કરવા માટેની દરખાસ્ત તૈયાર કરીને મંજુરી અર્થે સરકારમાં રજુ કરવામાં આવી હતી.

વિભાગ દ્વારા રજુ કરવામાં આવેલી દરખાસ્ત પર રાજય સરકારે વિચારણા કરીને ફીના દરમાં વધારો કરવાની મંજુરી આપતાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા દ્વીચક્રી વાહનોના પસંદગીના નંબર મેળવવા માટેની ફી રૂ. ૫૦૦થી વધારીને રૂ.એક હજાર કરવામાં આવી છે. જયારે ફોર વ્હીલ વાહન માટે પસંદગીના નંબર મેળવવા માટે ફીના દર રૂ. ૩૦૦૦ હતાં તેમાં પણ ધરખમ વધારો કરીને રૂ. ૫૦૦૦ કરવામાં આવી છે. વાહનો માટે પસંદગીના નંબર મેળવવા માટેની ફીમાં કરાયેલો વધારો આજથી જ અમલી બનાવવામાં આવ્યો છે.

## અમદાવાદમાં ૨.૫૦ લાખનો સૌંદર્ય પ્રસાધનોનો જથ્થો જપ્ત

ગાંધીનગર, તા.૧૧

ખોરાક ઔષધ નિયમન તંત્રને મળેલ બાતમીના આધારે તંત્ર દ્વારા અમદાવાદ-ટંકશાળ ખાતે સૌદર્ય પ્રસાધનના વિક્રેતાની વિવિધ પેઢીઓ પર વ્યાપક દરોડા પાડી અંદાજે રૂપિયા અઢી લાખની કિંમતનો બિન અધિકૃત સૌદર્ય પ્રસાધનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે એમ ખોરાક ઔષધ નિયમન તંત્રના કમિશ્નર ડૉ. કોશિયાની યાદીમાં જણાવાયુંય છે.

યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ તંત્ર દ્વારા રૂબરૂ દરોડા પાડી બનાવટીમીસ બ્રાન્ડેડ, એડલ્ટ્રેટેડ અને સ્પુરીયશ તથા વગર પરવાને ઉત્પાદીત થયેલા અને આયાત કરેલી વગર બીલના સૌદર્યપ્રસાધનોના કુલ્લે ૩૮ નમૂનાઓ ચકાસણી માટે પૃથ્થ કરણ માટે ખોરાક ઔષધ પ્રયોગશાળા વડોદરા ખાતે મોકલી આપવામાં આવ્યા છે. આ બનાવટોમાં લીપ્સ્ટીક, નેલ પોલીસ, ટોયલેટ શોપ, શેમ્પુ, ક્રીમ જેવી કેટેગરીનો સમાવેશ થાયે છે. સૌદર્યપ્રસાધનના વિક્રેતાઓને ત્યાં અચાનક દરોડા પડતા આવુ અનઅધિકૃત રીતપ્રસાધન (કોસ્મેટીક) વેચનાર વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કમિશ્નર ડૉ. કોશિયાના જણાવ્યું પ્રમાણે સૌદર્ય પ્રસાધન ધારા અનુસાર કોઈ પણ સૌદર્ય પ્રસાધનના ઉત્પાદન માટે ફોર્મ નં.૩૨ અનુસાર લાયસન્સ મેળવવું જરૂરી છે તેમજ ઉત્પાદિત થતાં આવા પ્રસાધનોની એપ્રુવ્ડ લેબોરેટરી દ્વારા ચકાસણી કરાવવા ઉપરાંત કાચા માલનુંપરીક્ષણ પણ જરૂરી હોય છે કારણ કે પરવાના વિનાના અને ગુણવત્તાની ચકાસણી કર્યા વગરના સૌંદર્ય પ્રસાધનો આરોગ્ય માટે હાનિકર્તા સાતિ થાય છે અને જાહેરજનતાને જણાવવાનુંકે, સૌદર્યપ્રસાધનો અધિકૃત વિક્રેતાઓને ત્યાંથીપાકા બિલથી ખરીદવાનો આગ્રહ રાખવો જેથી આવા લે-ભાગુ તત્વો ફાવે નહીં.

## પ્રદૂષિત પાણીના કારણે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકાદ-બે દિવસમાં જ જનજીવન પૂર્વવત પ્રસ્થાપિત થઈ જશે. સાદા ઝાડાના કેસો મળી આવતાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય, મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટ સહિત તંત્રના અધિકારીઓ ત્યાં દોડી ગયા હતા અને પરિસ્થિતની સમીક્ષા કરી હતી.

કોલોનીની આરોગ્યની ટીમ ઉપરાંત જિલ્લા આરોગ્યતંત્રના પણ બે મેડિકલ ઓફિસરોને પણ ત્યાં ફરજ પર મુકવામાં આવ્યા છે. તંત્ર દ્વારા પાણી ઉકાળીને પીવાની સલાહ વસાહતીઓને આપવામાં આવી છે તેમજ જમતા પૂર્વે હાથ-પગ ધોવા અંગેની સલાહ પણ સર્વેલન્સ દરમિયાન આપવામાં આવી છે.